

# બનાસકાંઠામાં ફરી લાખો તીડનું આક્રમણ

# ખેડૂતોની બે મહિનાની મહેનત એક કલાકમાં સાફ

### વાવ તાલુકાના કુંડાળીયા ગામની નજીક તીડનું ઝુંડ પહોંચ્યું : ખેડૂતોએ પાકને બચાવવા માટે દવાનો છંટકાવ શરૂ કર્યો : SITની ટીમ નિરીક્ષણ માટે પહોંચી, તીડ પર રિસર્ચ ચાલું

બનાસકાંઠામાં ફરી તીડના ઝુંડે આક્રમણ કર્યું છે. સરહદી વિસ્તારમાં ફરી એકવાર લાખોની સંખ્યામાં તીડના ઝુંડે પ્રવેશ કર્યો છે. ખેડૂતોએ પાકને બચાવવા ખેતરોમાં દવાનો છંટકાવ શરૂ કર્યો છે. તો અવાજ કરી તીડ ભગાડવા ખેડૂતોએ ફરી મથામણ શરૂ કરી છે. મહત્વનું છે કે સરહદી વિસ્તારના ખેડૂતોમાં તીડના આક્રમણથી ફરી એક વખત ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. વાવ તાલુકાના કુંડાળીયા ગામની નજીક તીડનું ઝુંડ પહોંચ્યું છે. ખેડૂતોની બે મહિનાની મહેનત પર તીડે એક કલાકમાં નુકસાન કર્યું છે. તીડ મુદ્દે જૈંની ટીમ નિરીક્ષણ માટે પહોંચી આવી છે. ખાનગી સંસ્થાઓ અને રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ તીડના સેમ્પલ લઈને રિસર્ચ કરી રહ્યાં છે.

વાવ તાલુકાના રાધાનેસડા તેમજ કુંડાળીયા સીમમાં શુક્રવારે ત્રીજી વખત આક્રમણ થતાં ખેડૂતોના પાકોને નુકશાન કર્યું હતું અને ખેડૂતો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. વાવ તાલુકામાં બે વખત તીડનું આક્રમણ થયા બાદ ફરી ત્રીજી વખત વાવના રાધાનેસડા અને કુંડાળીયા ગામની સીમમાં ફરી તીડ આવતાં ખેડૂતોના પાકોને નુકશાન કર્યું હતું.

તીડના અચાનક આક્રમણને લઈ ખેડૂતો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. સરકાર દ્વારા હજૂ ખેડૂતોને વળતર પણ અપાયું નથી. ત્યાં ફરી તીડનું આક્રમણ થતાં ખેડૂતોને ફરી પડ્યા પર પાટુ જેવી સ્થિતિ સર્જાઈ છે. રાધાનેસડા ગામના ખેડૂતોએ જણાવ્યું હતું કે 'અગાઉ બે વખત તીડ આવ્યા છતાં અમારા ગામનું સરવે પણ કરાયું નથી અને ફરી ત્રીજી વખત તીડ આવતા મોટું નુકશાન થયું છે. વહિવટી તંત્ર દ્વારા દવા છંટકાવ માટે ટીમો પહોંચી ગઈ છે અને સવારે દવાનો છંટકાવ કરાશે.'

# સિવિલ જજ પરીક્ષામાં સાચા જવાબો છતાંય ભારે અન્યાય

### નારાજ ઉમેદવાર તરફથી રિટ કરી મુદ્દા ઉઠાવાયા : હાઇકોર્ટના રજિ.જનરલ અને રજિ.(રિક્રુટમેન્ટ)ને નોટિસ અરજદારને મુખ્ય પરીક્ષામાં બેસવા દેવા હાઇકોર્ટનો હુકમ

અમદાવાદ,તા. ૧૯

ગુજરાત રાજયમાં સિવિલ જજની લેવાયેલી પ્રિલીમનરી પરીક્ષામાં ચેક મુદ્દે પૂછાયેલા એક પ્રશ્નના જવાબમાં પરીક્ષાર્થી ઉમેદવારોના જવાબ સાચા હોવા છતાં તેઓના માર્કસ આપી ઉલ્ટાના નેગેટીવ માર્કસ કાપવાના કારણે ઉમેદવારોને આ પરીક્ષાના પરિણામમાં તેમ જ સિવિલ જજની મુખ્ય લેખિત પરીક્ષામાં બેસવામાં ભારોભાર અન્યાય સંબંધિત સત્તાવાળાઓ દ્વારા કરાયો હોવાનો મહત્વનો મુદ્દો ઉપસ્થિત કરતી રિટ અરજી ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થઈ છે. જેની સુનાવણીમાં જસ્ટિસ બીરેન વૈષ્ણવે ગુજરાત હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલ અને રજિસ્ટ્રાર(રિક્રુટમેન્ટ) વિરૂધ્ધ શો-કોઝ નોટિસ જારી કરી હતી. વધુમાં, હાઈકોર્ટે અરજદાર ઉમેદવારને સિવિલ જજની મુખ્ય પરીક્ષામાં બેસવા દેવાની રાહત આપી કેસની વધુ સુનાવણી તા.૧૨મી ફેબ્રુઆરી પર મુકરર કરી હતી. અરજદાર હેમાંગ લક્ષ્મીકાંત વૈષ્ણવ તરફથી કરાયેલી રિટ અરજીમાં સિનિયર એડવોકેટ આર.જે.ગોસ્વામી અને એડવોકેટ અમીરાજ બારોટે રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, ગુજરાત હાઈકોર્ટ દ્વારા રાજયની લોઅર જયુડીશરી માટે સિવિલ જજની પ્રિલીમનરી પરીક્ષા લેવામાં આવી હતી, જેમાં પાસ થવા માટે ૫૦ માર્કસ રાખવામાં આવ્યા હતા અને ખોટા જવાબના -૦.૩૩ ટકા માર્કસ કાપવાનું જાહેર કરાયું હતું. અરજદાર પણ તા.૧૭-૧૧-૨૦૧૯ના રોજ લેવાયેલી આ પ્રિલીમ પરીક્ષામાં અપીઅર થયા હતા. બાદમાં અરજદારે જયારે વેબસાઈટ પર જોયુ તો, સીલેકટ લીસ્ટમાં ભારે આશ્ચર્ય વચ્ચે તેમનું નામ નહોતું. કારણ કે, ઉપરોકત પરીક્ષાના પ્રશ્નપત્રમાં પૂછાયેલા પ્રશ્ન નં-૪૪માં ચેક ભરવા માટેની સમયમર્યાદા પૂછવામાં હતી. જેમાં ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮મા નિર્દિષ્ટ જોગવાઈ મુજબ, આ સમયમર્યાદા છ મહિનાની છે પરંતુ આરબીઆઈએ જારી કરેલા પરિપત્ર મુજબ, આ સમયમર્યાદા ત્રણ મહિનાની કરી દેવાઈ છે પરંતુ આરબીઆઈના આ જાહેરનામાથી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટના કાયદાની જોગવાઈ બદલાઈ જતી નથી કે તે નાબૂદ પણ થઈ નથી, તેથી અરજદારે છ મહિનાની સમયમર્યાદાનો જે જવાબ આપ્યો હતો તે સાચો હોવાછતાં સત્તાવાળાઓએ તેને ખોટો ગણી ઉલ્ટાના નેગેટીવ માર્કસ કાપીને તેમને અન્યાય કરતાં અરજદાર સિવિલ જજની મુખ્ય પરીક્ષામાં બેસવામાં અને સીલેકટ લીસ્ટમાંથી બાકાત થઈ ગયા છે, જે બિલકુલ ગેરવાજબી, ગેરબંધારણીય અને ગેરકાયદે વાત કહી શકાય. સિનિયર એડવોકેટ આર.જે.ગોસ્વામી અને એડવોકેટ અમીરાજ બારોટે હાઈકોર્ટનું એ મુદ્દે ખાસ ધ્યાન દોર્યું હતું કે, આરબીઆઈના જાહેરનામાથી કાયદાકીય જોગવાઈ રદબાતલ ઠરતી નથી, તેથી સત્તાવાળાઓએ બી અને ડી એ બંને જવાબોને સાચા જ ગણવા જોઈએ અને અરજદારને એક માર્કસના જે હકદાર છે, તે આપવા જોઈએ. વળી, પ્રશ્નપત્રમાં એનઆઇ એકટના પરિપ્રેક્ષ્યમાં ઉપરોકત પ્રશ્ન પૂછાયો હતો, આરબીઆઈના સંદર્ભમાં નહી, તેથી પણ અરજદારનો જવાબ સાચો ઠરે છે. આરબીઆઈએ બેંકીંગ ફેસીલીટી અને ચેકનો દૂરપયોગ ના થાય તે હેતુથી સમયમર્યાદા ઘટાડી છે. એનઆઇ એકટની જોગવાઈમાં સુધારો કરવાની સત્તા માત્ર સંસદને છે, જે સુધારો થયો નથી, તેથી પણ અરજદારે છ મહિનાની સમયમર્યાદાનો જે જવાબ આપ્યો છે તે તદ્દન સાચો અને ખરો છે. તેથી હાઈકોર્ટે અરજદારને સિવિલ જજની લેખિત મુખ્ય પરીક્ષામાં બેસવા દેવા સંબંધિત સત્તાવાળાઓને આદેશ કરવો જોઈએ. હાઈકોર્ટે અરજદારપક્ષની દલીલો ગ્રાહ્ય રાખી અરજદારને મુખ્ય પરીક્ષામાં બેસવા દેવા હુકમ કરી કેસની વધુ સુનાવણી આવતા મહિને મુકરર કરી હતી.




ગાંધીનગર જિલ્લાની ઈન્ડિયન રેડક્રોસ ટીમ દ્વારા પોલિયો રવિવાર અભિયાનમાં સક્રિય કામગીરી કરવામાં આવી હતી. શહેરના પથિકાશ્રમ પાસેના મધ્યસ્થ એસટી ડેપો ખાતે રેડક્રોસ સોસાયટીની ટીમે તેમની સેવાઓ પુરી પાડી હતી.

# ભાજપ હાર્દિક પટેલને વારંવાર પરેશાન કરે છે : પ્રિયંકા ગાંધી

અમદાવાદ,તા. ૧૯

રાજદ્રોહના ચકચારભર્યા કેસમાં કોર્ટમાં ગેરહાજર રહી કાનૂની કાર્યવાહીને જાણી જોઇને વિલંબમાં નાખી મુદતમાં હાજર નહી રહેતા કોંગ્રેસના યુવા નેતા હાર્દિક પટેલ સામે એડિશનલ સેશન્સ જજ બી.જે.ગણાત્રાએ બિનજામીનપાત્ર પકડ વોરંટ કાઢ્યું હતું. જેને પગલે સાઈબર ક્રાઈમની ટીમે ગણતરીના કલાકોમાં વિરમગામ પાસેથી હાર્દિકની ધરપકડ કરી હતી. હાર્દિકને આજે રવિવારે જજના નિવાસસ્થાને રજૂ કરવામાં આવતાં કોર્ટે હાર્દિક પટેલને આગામી તા.૨૪મી સુધી જ્યુડિશિયલ કસ્ટડીનો આદેશ કર્યો છે. બીજીબાજુ, આ સમગ્ર મામલે કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધીએ ટ્વિટ કરી ભાજપ પર નિશાન સાધતાં જણાવ્યું હતુ કે, ભાજપ યુવાઓના રોજગાર અને ખેડૂતોના હકની લડાઈ લડનારા યુવા હાર્દિક પટેલને વારંવાર પરેશાન કરી રહ્યો છે. હાર્દિકે પોતાના સમાજના લોકોનો અવાજ ઉઠાવ્યો અને તેના માટે નોકરીઓ માંગી, છાત્રવૃત્તિ માંગી અને ખેડૂત આંદોલન કર્યું. ભાજપ તેને દેશદ્રોહ કહી રહ્યો છે. પ્રિયંકાએ ભાજપના આ પ્રકારના વર્તનની ભારોભાર ટીકા કરી હતી. તો, હાર્દિકની ધરપકડ અને પ્રિયંકા ગાંધીના આ ટ્વિટ બાદ રાજકારણ ગરમાતાં રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે વળતો જવાબ આપ્યો હતો કે, કોર્ટના આદેશથી હાર્દિક પટેલની ધરપકડ કરવામાં આઓવી છે, પોલીસે કાયદાકીય રીતે જ ધરપકડ કરી છે.



શહેરમાં ફરી એકવાર ''પોલિયો રવિવાર'' ઉજવાયો હતો અને શહેરની અગ્રણી સંસ્થાઓ તથા સેવાભાવી સ્વયંસેવકોએ આ અભિયાનમાં પોતપોતાની રીતે સેવા આપી હતી. શહેરના વોર્ડ નં. ૮ના નગરસેવક પાયલબેન મેણાતે પણ પોલિયો રવિવારમાં જોડાઈને બાળકોને પોલિયોની રસી પીવડાવવાના શુભ કાર્યમાં પોતાનો સહયોગ આપ્યો હતો.

## લાભાર્થી નહિ.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાજ્ય સરકારે આ બાબતને અતિ ગંભીરતાથી લીધી છે એટલુ જ નહિ આ મુદ્દે હવે દર માસે મુખ્યમંત્રી કક્ષાએ જ સીધી સમીક્ષા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

એક તરફ સ્ત્રી સશક્તિકરણની વાત પર કેન્દ્ર સરકાર પણ ભાર મુકી રહી છે ત્યારે ગુજરાતમાં જ બેહુદુ ચિત્ર જોઈ સરકાર ચોંકી ઉઠી છે. સરકારના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે યોજનાના અમલીકરણ અંગેના નિયમો અને અન્ય વહીવટીય કારણોસર યોજનાનો વ્યાપ લોકો સુધી પહોંચાડવામાં તંત્ર ઉણુ ઉતર્યુ છે. રાજ્ય સરકારે આ માટે સંબંધિત વિભાગોની વચ્ચે સુયોગ્ય સંકલન ઉભુ થાય તે જોવા માટે પણ તાકીદ કરી છે એટલુ જ નહિ જે અરજીઓ પેન્ડીંગ છે તેમાં ગતિ આવે તે માટે કડક સૂચનાઓ આપી છે.

## કાયદો અને કાનૂન ● ચોથા પાનાનું ચાલુ

ધંધો થઈ જવાની ટ્રેડ માર્ટર્સનો અંદાજ છે. સેન્ટ્રલ કન્ઝયમર પ્રોડકશન એજન્સીની પણ રચના કરવાનં આયોજન સરકાર કરી રહી છે.

ગ્રાહક સુરક્ષા માટેના કાયદામાં પણ સુધારા કરવામાં આવી રહ્યા છે. બેન્કીંગ ટ્રેડ વધતા ખાતેદારોની સલામતીનો પણ એટલોજ મોટો પ્રશ્ન છે . કરોડો રૂપીયાની ઠગાઈ ખાતેદારની થઈ રહી છે. કાયદામાં કરવામાં આવી રહેલા સુધારામાં તેનો પણ સમાવેશ કરવામાં આવી રહ્યો છે. ઈકોમર્સની કંપની સામે કાયદેસર પગલા લેવાનું આયોજન પણ કરવામાં આવી રહ્યં છે. ગ્રાહક સુરક્ષા અદાલતોને પણ આ કાયદા હેઠળ વિશેષ સત્તાઓ આપવામાં આવી રહી છે. ગેર માર્ગે દોરતી જાહેરાતો આપનાર તથા પ્રકાશીત કરનાર સામે પણ પગલા ભરવામાં આવશે તેમજ ભેળસેળ તથા હલકી ગુણવત્તાવાળો માર્કા કરતા ઉતરતી કક્ષાનો માલ પણ બજારમાં ઠલવાતા અટકાવવાના પગલા ભરવામાં આવી રહ્યા છે. વિદેશી કંપનીઓનં કાર્યાલય જે તે દેશમાં વેપાર મથક બનાવી દર્શાવવં જ પડશે જેનાથી જે તે સ્થાનિક દેશમાં તેના ઉપર પગલા ભરી શકાય.

ઓનલાઈન દવા વેચતી કંપનીઓ સામે પણ એસોસીએશનને અવાજ ઉઠાવ્યો છે, ડોકટરના પ્રીપ્સકીપશન વગર દવા વેચાણ સામે પગલા ભરવા માંગ ઉઠી છે અને ઓનલાઈન ટ્રેડીગ સામે પ્રોડકશનની માંગ ઉઠવા પામી છે. નવા નિયમો કાયદા બનાવી તેનો અમલ કરવો એ સમયની માંગ છે.

## મિશ્ર પ્રતિસાદ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મળી હતી. ભાજપના સ્થાનિક હોદ્દેદાર સચિન તાંબેએ બંધને સફળ ગણાવીને કહ્યું છે કે, દુકાનો, હોટલો અને સ્થાનિક પરિવહન સેવાઓ આજે સંપૂર્ણ બંધ રહી હતી. શિરડી સહિત આસપાસના ૨૫ ગામોમાં બંધની ખુબ સારી અસર રહી હતી. જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓએ કહ્યું હતું કે, પહેલાથી જ હોટલ બુક કરનાર શ્રદ્ધાળુઓને રહેવાની મંજુરી મળી હતી. વિમાની મથકથી મંદિર સુધી ટેક્સીની સેવાઓ પણ સામાન્ય રહી હતી. અન્ય સ્થળોથી આવનાર રાજ્ય માર્ગ પરિવહનની બસ પણ યથાવતરીતે દેખાઈ હતી. આ વિવાદ એ વખતે થયો હતો જ્યારે ઉદ્ધવ ઠાકરેએ પરભાણી જિલ્લાના પાથરીમાં સાંઈબાબા સાથે જોડાયેલા સ્થાન પર સુવિધાઓના વિકાસ માટે ૧૦૦ કરોડ રૂપિયાની જાહેરાત કરી હતી. કેટલાક શ્રદ્ધાળુ પાથરીને સાંઈબાબાના જન્મસ્થાન તરીકે ગણે છે જ્યારે શિરડીના લોકો દાવો કરે છે કે, સાંઈબાબાના જન્મ સ્થળને લઈને કોઈની પાસે માહિતી નથી. બીજી બાજુ શિરડી સ્થિત સાંઈબાબા સંસ્થા ન્યાસના મુખ્ય કારોબારી અધિકારી દિપક મુગલીકરે કહ્યું છે કે, બંધ છતાં મંદિરમાં શ્રદ્ધાળુઓ દ્વારા પૂજા અર્ચનાનો દોર જારી રહ્યો હતો.

## દેશની નાગરિકતા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અત્યાચારનો શિકાર થઈ રહ્યા છે. જો તેમના કેમ્પોમાં જવાશે તો ખબર પડશે કે કેટલો આઘાત લાગે છે. શ્રીલંકન શરણાર્થીઓના મામલામાં પણ સ્થિતિ આવી જ બનેલી છે. આ લોકો સતત કેમ્પોમાં રહી રહ્યા છે. મૂળભૂત સુવિધાઓથી તેમને વંચિત રાખવામાં આવી રહ્યા છે. ભાજપના નેતાએ કહ્યું હતું કે, સરકાર કોઈની પણ નાગરિકતા આંચકી રહી નથી બલ્કે નાગરિક સુધારા કાનૂન મારફતે નાગરિકતા આપવાની સાથે સાથે તેમના જીવન ધોરણને સુધારવાના પ્રયાસો થઈ રહ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે, નેશનલ પોપ્યુલેશન રજિસ્ટ્રાર અથવા એનપીઆરને દરેક ૧૦ વર્ષમાં અપડેટ કરવામાં આવે છે. એનઆરસી સાથે તેને કોઈપણ પ્રકારના લેવા દેવા નથી. કેટલાક લોકો બિનજરૂરીરીતે હોબાળો મચાવી રહ્યા છે જે યોગ્ય નથી. કોઈપણ આધાર વગર લોકોને ગેરમાર્ગે દોરવાના પ્રયાસ થઈ રહ્યા છે. તેમણે ઉમેર્યુ હતું કે, કોંગ્રેસ પાર્ટી અને અન્ય કેટલાક પક્ષો લોકોને ગેરમાર્ગે દોરવામાં લાગેલા છે જેના લીધે હિંસાઓ પણ થઈ છે. તમામ વાસ્તવિકતા સમજીને આ મામલામાં નિવેદન કરવા જોઈએ. સીતારામનના કહેવા મુજબ વડાપ્રધાન મોદી પોતે કહી ચુક્યા છે કે, આ કાનૂન નાગરિકતા આપવા માટે છે.

## સરહદી વિવાદ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સંજય રાવતે કહ્યું હતુ ંકે, ગૃહમંત્રાલયે કાશ્મીર વિવાદને ઉકેલી લીધો છે. કલમ ૩૭૦ની જોગવાઈને ખતમ કરી દેવામાં આવી છે. અમિત શાહ ઈચ્છે તો બેલગામ વિવાદને પણ ઉકેલી શકે છે. આ મામલો ગૃહ મંત્રાલય હેઠળ આવે છે. એક મજબૂત ગૃહમંત્રી તરીકે અમિત શાહ રહેલા છે. તેમની જેવી શક્તિશાળી વ્યક્તિ જ આ વિવાદને ઉકેલી શકે છે. કર્ણાટકના બેલગામ ઉપર મહારાષ્ટ્ર પોતાના દાવા કરે છે. અહીં મરાઠી ભાષાના લોકો મોટી સંખ્યામાં રહે છે. આ વિવાદને ધ્યાનમાં લઈને ગયા મહિને કોલ્હાપુરથી કર્ણાટક તરફ જનાર બસ સેવાને બંધ રાખવામાં આવી હતી જો કે, મોડેથી આ બસ સેવા ફરી શરૂ કરાઈ હતી. ઉદ્ધવ ઠાકરેએ મહિનાની શરૂઆતના બે પ્રધાનો છગન ભુજબળ અને એકનાથ શિંદેને કર્ણાટક સરકાર સાથે સરહદી વિવાદ સાથે સંબંધિત મામલાઓ પર વાતચીતને તીવ્ર બનાવવા માટે અપીલ કરીહતી. સાથે સાથે આ દિશામાં પહેલ કરવાની માંગ કરવામાં આવી હતી. શિવસેના અને ભાજપ વચ્ચેના સંબંધો તુટી ગયા હોવા છતાં શિવસેના તરફથી વારંવાર મોદી સરકારની પ્રશંસા કરવામાં આવે છે જેના ભાગરુપે હવે ફરી એકવાર સંજય રાવત તરફથી અમિત શાહની પ્રશંસા કરવામાં આવી છે અને કહેવામાં આવ્યું છે કે, તેમના જેવા જ ગૃહમંત્રી બેલગામ સરહદી વિવાદને ઉકેલી શકે છે. જો કે, ભારતીય જનતા પાર્ટી તરફથી હજુ સુધી પ્રતિક્રિયા આપવામાં આવી નથી. સંજય રાવતના નિવેદનને લઈને ભારતીય જનતા પાર્ટી તરફથી પ્રતિક્રિયાની રાહ જોવામાં આવી રહી છે.

## બે દુર્ઘટના... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મીઠાપુર ગામના પાટિયા પાસે ઉભેલા ડમ્પર પાછળ કાર ઘૂસી જતાં ત્રણ લોકોના મોત નીપજયા હતા. આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, છેલ્લા એક વર્ષથી અમદાવાદ- રાજકોટ હાઈવે પર સીક્સ લેનનું કામ ચાલે છે. અનેક ડાયવર્ઝન અને નાના રોડના કારણે છાશવારે ગંભીર અને ગમખ્વાર અકસ્માત થઈ રહ્યા છે, તેને લઈને પણ લોકોએ રોષ ઠાલવ્યો હતો. રાજકોટ-સુરેન્દ્રનગર હાઈવે પરના લીંબડીના દેવપરા ગામ નજીક કાર અને ટ્રક વચ્ચે થયેલા ગમખ્વાર અકસ્માતમાં અમદાવાદના પરિવારના પાંચ લોકોનાં મોત નીપજતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ હતી. આ અકસ્માતમાં બે બાળકો સહિતના ચાર લોકો ઈજાગ્રસ્ત થયા હતા. અમદાવાદનો પરિવાર સોમનાથ દાદાના દર્શને જઈ રહ્યો હતો ત્યારે કાળનો કોળિયો બની ગયો હતો. અકસ્માતમાં બે મહિલા અને ત્રણ પુરુષ સહિત પાંચ લોકોના મોત નીપજતાં લોકોમાં ભારે અરેરાટીની લાગણી પ્રસરી ગઈ હતી. ઘટનાની જાણ થતા પોલીસ પણ ઘટના સ્થળે આવી પહોંચી છે. અમદાવાદનો આ પરિવાર કોણ છે તેની ઓળખ કરવાની પોલીસે તજવીજ હાથ ધરી હતી. બીજા અકસ્માતમાં બગોદરાના મીઠાપુર ગામના પાટિયા પાસે ઉભેલા ડમ્પર પાછળ કાર ઘૂસી જતાં ત્રણ લોકોના મોત નીપજયા હતા, જેને લઈ બગોદરા હાઈવે પર ટ્રાફિક ચક્કાજામ થઈ ગયો હતો. લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટી પડયા હતા. એકસાથે ત્રણના મોતને લઈ સ્થાનિક લોકોમાં શોકની લાગણી ફરી વળી હતી.

## સરકારને રજૂઆત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ટાઉનહોલમાં પ્રતિમાસ અંદાજિત ૫૦ થી વધુ કાર્યક્રમો થતા હોય છે. આવા સંજોગોમાં શહેરમાં કાર્યરત વિવિધ શૈક્ષણિક અને સાંસ્કૃતિક સંસ્થાઓ પણ ચિંતા અનુભવી રહી છે. કલા અને સંસ્કૃતિની વૃતિ પ્રવૃતિઓથી ધમધમતા શહેરમાં ટાઉનહોલના અભાવે કલાકારોને સ્ટેજ નહીં મળે તે ચિંતા સૌને સતાવી રહી છે. જયારે ટાઉનહોલમાં આ સ્થિતિને ધ્યાને લઈ સરકારે પણ યોગ્ય વૈકલ્પિક વ્યવસ્થા માટે આયોજન કરવુ જોઈએ તેવો પણ સુર ઉઠવા પામ્યો છે. નગરની અનેકવિધ સાંસ્કૃતિક અને શૈક્ષણિક સંસ્થાઓના આ મુંઝવણને અનુલક્ષી ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાંએ નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલને રજુઆત કરી હતી. જેમાં ટાઉનહોલનુ રીનોવેશન પુર્ણ ન થાય ત્યાં સુધી સે-૧૨ સ્થિત મેડિકલ કોલેજનો ઓડીટોરીયમ સસ્તા દરે ભાડેથી ફાળવવા પણ વિનંતી કરવામાં આવી છે. જેના અનુસંધાને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આરોગ્યવિભાગને પત્ર લખીને જરૂરી સુચના આપી છે. ટુંકમાં આ અંગે હકારાત્મક વિચારણાના અંતે નિર્ણય પણ લેવાશે.